# ન્યૂઝીલેન્ડ સામેની વનડે: કોહલી રોહિત આકર્ષણનું કેન્દ્ર રહેશે

**ગિલની** વાપસીથી જાયસ્વાલને ટોચના ક્રમમાંથી બહાર બેસવું પડી શકે છે

**મેચનું** જીવંત પ્રસારણ બપોરે 1.30 વાગ્યાથી સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઇવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર

વડોદરા, તા. 10 (પીટીઆઈ): ન્યૂઝીલેન્ડ સામે રવિવારથી અહીં શરૂ થઈ રહેલી ત્રણ મેચોની વનડે શ્રેણીની પ્રથમ મેચમાં ભારતીય ટીમ વિરાટ કોહલી અને રોહિત શર્માના શાનદાર ફોર્મ સાથે આગળ વધવાની આશા રાખશે. ન્યૂઝીલેન્ડની ટીમમાં નવા અને યુવા ખેલાડીઓની ભરમાર છે, પરંતુ પૂરી તાકાત સાથે મેદાનમાં ઉતરી રહેલી ભારતીય ટીમ માટે રોહિત અને કોહલીના દૃષ્ટિકોણથી આ શ્રેણી મહત્વની છે.

આગામી સાત દિવસમાં રમાનારી ત્રણ વનડે મેચોમાં કોહલી અને રોહિત આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ બંને દિગ્ગજોને તાજેતરમાં વિજય હઝારે ટ્રોફીના લીગ તબક્કામાં મોટો સ્કોર બનાવીને એ બતાવી દીધું છે કે તેમનો દોર હજુ પૂરો થયો નથી.

તે જોવું રસપ્રદ રહેશે કે ટી20 વર્લ્ડકપ ટીમમાંથી બહાર થયા બાદ કેપ્ટન શુભમન ગિલ કેવી પ્રતિક્રિયા આપે છે. તેનું ફોર્મ પહેલાથી જ ચિંતાનો વિષય રહ્યું છે. ગિલની વાપસીથી યશસ્વી જાયસવાલને ટોચના ક્રમમાંથી બહાર બેસવું પડી શકે છે. જાયસવાલે દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી મેચમાં પોતાની પ્રથમ વનડે સદી ફટકારી હતી. શ્રેયસ અય્યરની વાપસી થઈ છે તે ફરી એકવાર ચોથા નંબરે બેટિંગ કરે તે લગભગ નિશ્ચિત છે. કે એલ રાહુલની નીચલા ક્રમના બેટ્સમેન અને વિકેટકીપર તરીકેની ભૂમિકા ચાલુ રહેવાથી ઋષભ પંતના અંતિમ અગિયારમાં સામેલ થવાની શક્યતા ઓછી છે. રવિન્દ્ર જાડેજાએ પૂરા જોશ સાથે અભ્યાસ કર્યો, જે તેની ઉપલબ્ધતાનો સંકેત આપે છે. જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાને ટી20 વ્યસ્તતાને ધ્યાનમાં રાખીને વનડે શ્રેણીમાંથી આરામ આપવામાં આવ્યો છે. ફાસ્ટ બોલિંગની જવાબદારી મોહમ્મદ સિરાજ, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને પ્રસિદ્ધ કૃષ્ણા પર રહેશે. કુલદીપ યાદવ, વોશિંગ્ટન સુંદર અને જાડેજા સ્પિન વિભાગ સંભાળશે. આ પ્રથમ તક હશે જ્યારે કોટામ્બી સ્થિત બરોડા ક્રિકેટ એસોસિએશનના નવા સ્ટેડિયમમાં પુરુષોની કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમાશે. ન્યુઝીલેન્ડ માટે આ શ્રેણી બીજા સ્તરના ખેલાડીઓને પરખવાની સારી તક છે. અનેક મુખ્ય ખેલાડીઓની ગેરહાજરીમાં માઈકલ બ્રેસવેલ ટીમનું નેતૃત્વ કરશે.

### મારા ભાગ્યમાં જે લખ્યું છે તે કોઈ ઝુંટવી ન શકે: ગિલ



વડોદરા, તા. 10 (પીટીઆઈ): T20 વર્લ્ડકપ ટીમમાંથી બહાર થયા બાદ, ભારતના વનડે અને ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલે શનિવારે કહ્યું હતું કે તે પસંદગીકારોના નિર્ણયનું સન્માન કરે છે અને જ્યારે પણ તક મળશે ત્યારે તે પોતાની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરશે. ગિલને આવતા મહિને યોજાનાર T20 વર્લ્ડકપ માટે પસંદ કરવામાં આવ્યો ન હતો, પરંતુ 26 વર્ષીય ખેલાડી અન્ય બે આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં ભારતનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખશે. ગિલે ભારત માટે 36 T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં 869 રન બનાવ્યા છે, જેની સરેરાશ 28.03 છે અને 138.59ની સ્ટ્રાઇકિંગ છે. ન્યુઝીલેન્ડ સામેની ત્રણ મેચની સિરીઝની પ્રથમ વનડે પહેલા, ગિલે કહ્યું, 'હું ત્યાં છું જ્યાં મારે હોવું જોઈએ. મારા ભાગ્યમાં જે લખેલું છે તે કોઈ છીનવી શકતું નથી. એક ખેલાડી હંમેશા માને છે કે તે દેશ માટે પોતાનું શ્રેષ્ઠ આપશે. પસંદગીકારોએ પોતાનો નિર્ણય લીધો છે. હું હંમેશા વર્તમાનમાં જીવવાનો પ્રયાસ કરું છું, તેનાથી જીવન સરળ બને છે.

## રોહિતે સિરાજને બેટિંગ ટીપ્સ આપી, પંતને ઈજા થઈ

**ગિલ,** અય્યર સહિત અન્ય ભારતીય ખેલાડીઓએ નેટમાં પરસેવો પાડ્યો





વડોદરા, તા. 10 (પીટીઆઈ): ન્યૂઝીલેન્ડ સામે રવિવારથી શરૂ થતી વનડે સિરીઝ પહેલા ભારતીય ટીમે વડોદરામાં પ્રેક્ટિસ સત્રમાં ભાગ લીધો હતો. ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ પોતાની બેટિંગમાં સુધારો કરીને વનડે ટીમમાં સ્થાન નિશ્ચિત કરવાના ઈરાદા સાથે પૂર્વ કેપ્ટન રોહિત શર્મા પાસેથી બેટિંગની ટિપ્સ લેતા જોવા મળ્યો હતો. સિરાજે વૈકલ્પિક અભ્યાસ સત્ર દરમિયાન માત્ર બેટિંગ પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જ્યારે તે શોટ્સ રમવામાં નિષ્ફળ રહ્યો, ત્યારે રોહિતે તેને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

બીજી તરફ, પ્રેક્ટિસ સત્ર દરમિયાન વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંત ઈજાગ્રસ્ત થતા ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. થ્રોડાઉન નિષ્ણાતો સામે બેટિંગ કરતી વખતે પંતને કમરના ભાગે બોલ વાગતા તે દર્દથી કણસી ઉઠ્યો હતો. આ દરમિયાન કેપ્ટન શુભમન ગિલ પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકર સાથે લાંબી ચર્ચા કરતા જોવો મળ્યો હતો.

ટીમના અન્ય સભ્યોમાં વાઇસ-કેપ્ટન શ્રેયસ અય્યર અને કે એલ રાહુલે પણ નેટ્સમાં પરસેવો પાડ્યો હતો, જ્યારે રવિન્દ્ર જાડેજાએ પણ પૂરતો સમય વિતાવ્યો હતો.

## નીરજ ચોપડાએ કોચ જાન જેલેઝની સાથેનો કરાર સમાપ્ત કર્યો

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): બે વખતનો ઓલિમ્પિક મેડલ વિજેતા ભાલા ફેંક સ્ટાર નીરજ ચોપડાએ શનિવારે કોચ જાન જેલેઝની સાથેની પોતાની ભાગીદારી માત્ર એક સીઝન બાદ પૂરી કરવાની જાહેરાત કરી છે. નીરજે આ કરાર ખતમ કરવાનું કોઈ ચોક્કસ કારણ નથી આપ્યું, પરંતુ આ સફરને પ્રગતિ અને સન્માનથી ભરેલો ગણાવ્યો છે. જેલેઝનીના નામે ભાલા ફેંકનો વર્લ્ડ રેકોર્ડ છે અને તેમના માર્ગદર્શન હેઠળ જ નીરજે ગયા વર્ષે પ્રથમ વખત 90 મીટરનો થ્રો ફેંક્યો હતો. નીરજે કહ્યું કે, બાળપણથી જેને તે આદર્શ માનતો હતો તેની પાસેથી રમત શીખવી એ સપનું પૂરું થવા જેવું હતું. જેલેઝનીએ પણ આ ભાગીદારીને સકારાત્મક ગણાવી હતી અને નીરજને 90 મીટરનો આંકડો પાર કરવામાં મદદ કરી તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

# આઈસીસીના જવાબની રાહ જોઈ રહ્યા છીએ: બીસીબી અધ્યક્ષ

**શ્રીલંકામાં** રમવાની પરવાનગી ન મળે તો બાંગ્લાદેશ ટીમ શું પગલું ભરશે તે અંગે તેમણે કોઈ ટિપ્પણી ન કરી

સિલહટ (બાંગ્લાદેશ), તા. 10 (પીટીઆઈ): બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ બુલબુલે કહ્યું હતું કે ફેબ્રુઆરીમાં યોજાનારા ટી-20 વર્લ્ડકપ માટે ભારત પ્રવાસ અંગેની સુરક્ષા ચિંતાઓ બાબતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) તરફથી હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. બાંગ્લાદેશે સુરક્ષાના કારણોસર પોતાની મેચો ભારતથી હટાવીને સહ-યજમાન શ્રીલંકામાં સ્થળાંતર કરવાની માંગણી કરી છે અને બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે તેમના વલણમાં કોઈ ફેરફાર થશે નહીં.

### નજમુલ હુસૈન શાંતોએ બીસીબી ડિરેક્ટરની ટિપ્પણીની ટીકા કરી

બાંગ્લાદેશના ટેસ્ટ કેપ્ટન નજમુલ હુસૈન શાંતોએ જણાવ્યું છે કે આવતા મહિને ભારતમાં રમાનારા ટી20 વર્લ્ડ કપમાં ટીમની ભાગીદારી અંગેની અનિશ્ચિતતા ખેલાડીઓના માનસિક સ્વાસ્થ્ય પર અસર કરી રહી છે. શાંતોના મતે હાલમાં ટીમ એવી રીતે તૈયારી કરી રહી છે જાણે બધું બરાબર હોય. આ સાથે જ શાંતોએ બીસીબી ડાયરેક્ટર એમ. નજમુલ ઇસ્લામ દ્વારા પૂર્વ કેપ્ટન તમીમ ઇકબાલને 'ભારતના એજન્ટ' કહેવા બદલ કડક ટીકા કરી છે. તેણે દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે તમીમ બાંગ્લાદેશના સૌથી સફળ ખેલાડીઓમાંથી એક છે અને તેને જોઈને જ વર્તમાન ખેલાડીઓ મોટા થયા છે. શાંતોએ ભારપૂર્વક કહ્યું કે દરેક ખેલાડી સન્માનની અપેક્ષા રાખે છે.

બાંગ્લાદેશમાં હિંદુઓ પર થયેલા હુમલાના અહેવાલો વચ્ચે કોલકાતા નાઈટ રાઈડર્સ દ્વારા બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને રીલીઝ કર્યા બાદ બીસીબીએ આ માગણી કરી હતી. બુલબુલે ભારપૂર્વક કહ્યું કે મેચોને ભારતના અન્ય શહેરોમાં ખસેડવાથી તેમની ચિંતાઓ ઉકેલાશે નહીં. બાંગ્લાદેશને તેના ગ્રુપની ત્રણ મેચ કોલકાતામાં અને એક મેચ મુંબઈમાં રમવાની છે.

બીસીબી હાલમાં આઈસીસીના જવાબની રાહ જોઈ રહ્યું છે. બુલબુલે મીડિયાને જણાવ્યું કે બોર્ડે આ મામલે સરકારના આદેશનું પાલન કરવું પડશે. જો શ્રીલંકામાં રમવાની પરવાનગી ન મળે તો બાંગ્લાદેશ ટીમ શું પગલું ભરશે તે અંગે તેમણે હાલમાં કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે.

## ફિફા વર્લ્ડકપ-2026ની ટ્રોફી ભારત પહોંચી, ત્રણ દિવસ રહેશે




**બે દિવસ** દિલ્હીમાં રહ્યા બાદ અસામના ગુવાહાટી ખાતે લઈ જવામાં આવશે

નવી દિલ્હી, તા. 10 (પીટીઆઈ): ફિફા 'વર્લ્ડકપ 2026'ના આયોજન પૂર્વે, આ ટુર્નામેન્ટની ઓરિજિનલ ટ્રોફી તેના વર્લ્ડ ટૂરના ભાગરૂપે શનિવારે ભારત આવી પહોંચી છે. કોકા-કોલા દ્વારા આયોજિત આ આંતરરાષ્ટ્રીય ટૂર હેઠળ લગભગ 12 વર્ષના લાંબા ગાળા બાદ વર્લ્ડકપ ટ્રોફી ભારત આવી છે. દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં બ્રાઝિલના પૂર્વ દિગ્ગજ ખેલાડી ગિલ્બર્ટો ડી'સિલ્વા અને કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાની હાજરીમાં ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ભારતમાં ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન આ ટ્રોફી બે દિવસ દિલ્હીમાં રહ્યા બાદ અસામના ગુવાહાટી ખાતે લઈ જવામાં આવશે. ગિલ્બર્ટો ડી'સિલ્વાએ આશા વ્યક્ત કરી હતી કે આ ટ્રોફી ભારતના યુવાઓને ક્રિકેટની જેમ ફૂટબોલ રમવા માટે પણ પ્રોત્સાહિત કરશે.

આ વૈશ્વિક પ્રવાસ દરમિયાન, ટ્રોફી 30 દેશોના 75 સ્થળોએ મુલાકાત લેશે અને 150 દિવસથી વધુ સમય સુધી પ્રવાસ કરશે.

# WPL: ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયરને હરાવ્યું

**પ્રથમ** બેટિંગ કરતા ગુજરાતે 207 રન બનાવ્યા જવાબમાં યુપી વોરિયર 197 રન બનાવી શક્યું



નવી મુંબઈ, તા. 10 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયાઈ બેટર ફીબી લિચફિલ્ડના 40 બોલમાં 78 રન એળે ગયા અને ગુજરાત જાયન્ટ્સે મહિલા પ્રીમિયર લીગની મેચમાં શનિવારે યુપી વોરિયર્સને 10 રનથી હરાવી દીધું.

પહેલા બેટિંગ માટે મોકલવામાં આવતા કેપ્ટન એશ્લે ગાર્ડનરના 65 રન અને જ્યોર્જિયા વેરહેમના 10 બોલમાં અણનમ 27 રનની મદદથી ગુજરાત જાયન્ટ્સે ચાર વિકેટે 207 રન બનાવ્યા.

જવાબમાં લિચફિલ્ડે યુપીને રેસમાં જાળવી રાખ્યું પરંતુ 16મી ઓવરમાં તેના આઉટ થયા બાદ ગુજરાતે મેચ પર પકડ મજબૂત કરી લીધી. લિચફિલ્ડે પોતાની ઈનિંગમાં આઠ ચોગ્ગા અને પાંચ છગ્ગા લગાવ્યા. યુપી વોરિયર્સે આઠ વિકેટે 197 રન બનાવ્યા. આશા શોભનાએ 10 બોલમાં અણનમ 27 રન બનાવ્યા જેમાં ત્રણ ચોગ્ગા અને બે છગ્ગા સામેલ હતા પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. ગુજરાત જાયન્ટ્સ માટે ઓસ્ટ્રેલિયાની લેગ સ્પિનર જ્યોર્જિયા વેરહેમે 30 રન આપીને બે વિકેટ લીધી. રેણુકા સિંહ અને સોફી ડિવાઈનને પણ બે-બે વિકેટ મળી જ્યારે ગાર્ડનર અને રાજેશ્વરી ગાયકવાડે એક-એક વિકેટ લીધી.

અગાઉ, બેટિંગમાં મોકલવામાં આવેલા ગુજરાતની ટીમ તરફથી અનુષ્કા શર્મા (44) અને ગાર્ડનર વચ્ચે ત્રીજી વિકેટ માટે 103 રનની ભાગીદારી થઈ હતી.

### મુંબઈ ઈન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને 50 રને હરાવ્યું

નવી મુંબઈ, તા. 10 (પીટીઆઈ): મુંબઈ ઈન્ડિયન્સની નેટ સાયવર-બ્રન્ટ અને હરમનપ્રીત કૌરે અણનમ અડધી સદી ફટકારી હતી, જ્યારે ફાસ્ટ બોલર નિકોલા કેરીએ મધ્યમ ક્રમને ધ્વસ્ત કર્યું હતું જેની મદદથી ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમે શનિવારે અહીં મહિલા પ્રીમિયર લીગ મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે 50 રનથી વિજય મેળવ્યો હતો.

સાયવર-બ્રન્ટે 46 બોલમાં 70 રન બનાવ્યા હતા, જ્યારે હરમનપ્રીતે 42 બોલમાં અણનમ 74 રન બનાવ્યા હતા, જેની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે 4 વિકેટે 195 રનનો લડાયક સ્કોર બનાવ્યો હતો. જવાબમાં દિલ્હી કેપિટલ્સની ટીમ 145 રનમાં ઓલઆઉટ થઈ હતી.

## ગાવસ્કરે જેમિમાને બેટ જેવું ગિટાર ભેટ આપ્યું



નવી દિલ્હી, તા. 10: ભારતીય ક્રિકેટના દિગ્ગજ અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનીલ ગાવસ્કરે મહિલા ટીમની સ્ટાર ખેલાડી જેમિમા રોડ્રિગ્સને એક અનોખું બેટ આકારનું ગિટાર ભેટમાં આપીને પોતાનું વચન પૂરું કર્યું છે. ગાવસ્કરે જેમિમાને આ ખાસ ગિટાર આપ્યું અને તેની સાથે ગીતોની મહેફિલ પણ જમાવી હતી. આ ભેટ જોઈને જેમિમા ખૂબ જ ખુશ થઈ હતી કારણ કે આ ગિટાર તેની ક્રિકેટર અને ગાયિકા તરીકેની બંને ઓળખને સુંદર રીતે દર્શાવતું હતું.

ગાવસ્કરે મજાક કરતા કહ્યું કે, 'આજે હું ઓપનિંગ બેટ્સમેન નથી, એટલે તું જ આ બોક્સ ખોલ.' 2025માં જ્યારે ભારત મહિલા વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચ્યું હતું ત્યારે ગાવસ્કરે વચન આપ્યું હતું કે જો ટીમ ટ્રોફી જીતશે તો તે જેમિમા સાથે ગીત ગાશે. જ્યારે જેમિમાએ પૂછ્યું કે આ બેટ-ગિટારથી રમી શકાય કે વગાડી શકાય? ત્યારે ગાવસ્કરે કહ્યું કે તે બંને કામ કરી શકે છે. તેમણે ઉમેર્યું કે જેમિમા જ્યારે રન બનાવે છે ત્યારે તેની બેટિંગમાં પણ એક સંગીતકાર જેવી જ લય અને સુંદરતા જોવા મળે છે.

## મલેશિયા ઓપન: સિંધુ સેમિફાઈનલમાં હારી

કુઆલાલુમ્પુર, તા. 10 (પીટીઆઈ): ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ શનિવારે મલેશિયા ઓપન સુપર 1000 ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં ચીનની વાંગ ઝીયી સામે સીધી ગેમમાં હારી ગઈ હતી આ સાથે તેનો સિઝનની આ પ્રથમ ટુર્નામેન્ટમાં પ્રભાવશાળી સફર સમાપ્ત થયો હતો.

બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા સિંધુ વિશ્વની નંબર બે ખેલાડીના દબાણનો સામનો કરી શકી નહીં અને 6-21, 15-21થી હારી ગઈ. તેણે આખી મેચ દરમિયાન ઘણી ભૂલોનું પરિણામ ભોગવવું પડ્યું.

પગની ઈજાને કારણે ગયા વર્ષે ઓક્ટોબરથી રમતથી બહાર રહેલી સિંધુ પોતાની પહેલી ટુર્નામેન્ટ રમી રહી હતી. તે બીજી ગેમમાં 11-6ની લીડ સાથે વાપસી કરી રહી હતી પરંતુ તે હારી ગઈ. આ હાર સાથે, ટુર્નામેન્ટમાં ભારતનું અભિયાન પણ સમાપ્ત થયું.

સિંધુએ શરૂઆતમાં તેનાથી ઉચ્ચ ક્રમાંકિત પ્રતિસ્પર્ધીને સખત લડત આપી. તેણે શક્તિશાળી શોટ લગાવ્યા અને તેની લાંબી પહોંચનો અસરકારક રીતે ઉપયોગ કર્યો. સિંધુએ તેના પરિચિત ક્રોસ-કોર્ટ સ્મેશ સાથે ઝડપથી 5-2ની લીડ મેળવી.

## સબાલેન્કા બ્રિસબેન ઈન્ટરનેશનલની ફાઈનલમાં



બ્રિસબેન, તા. 10 (એપી): વિશ્વની નંબર 1 ખેલાડી એરિના સબાલેન્કાએ શનિવારે સેમિફાઈનલમાં કેરોલિના મુચોવાને 6-3, 6-4થી હરાવીને બ્રિસ્બેન ઈન્ટરનેશનલ ફાઈનલમાં પ્રવેશ કર્યો. પેટ રાફ્ટર એરેના ખાતે રમાયેલી મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન સબાલેન્કાએ તેના ચોથા મેચ પોઈન્ટ પર જીત મેળવી. રવિવારના ફાઈનલમાં સબાલેન્કાનો સામનો ચોથી ક્રમાંકિત જેસિકા પેગુલા અને માર્ટા કોસ્ટ્યુક વચ્ચેની બીજી સેમિફાઈનલની વિજેતા સાથે થશે.

શુક્રવારે અગાઉ, સબાલેન્કાએ મેડિસન કીઝને 6-3, 6-3થી હરાવી. કીઝે ગયા વર્ષે મેલબોર્ન પાર્ક ખાતે રમાયેલી ઓસ્ટ્રેલિયન ઓપન ફાઈનલમાં સબાલેન્કાને હરાવીને તેનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ મહિલા સિંગલ્સ ટાઇટલ જીત્યું હતું.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ઉલટી**

લીંબુ લઇ તેના બે ભાગ કરી તેમાં મધ પચાવી, ચીપિયા થી પકડી છાલ વાળા ભાગથી તપાવી ગરમ ચૂસી જવું. આયુર્વેદમાં મધ ને ગરમ કરવાનો નિષેધ છે. પણ આ પ્રયોગ અપવાદ સમજવા.

### આજનું પંચાંગ

**તા. 11/01/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિ:** વદ: આઠમ :-10:21 પછી નોમ
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ : 21 **અયન :** ઉત્તરાયન
**ઋતુ :**શિશિર **નક્ષત્ર :**ચિત્રા: 18:12
**યોગ :** સુકર્મા **કરણ:** તૈતિલ
**રાશિ:** તુલા (ર.ત.)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 07:20 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:14 **નવકારસી:** 08:08
**પારસી વર્ષ :** 1395, અમરદાદ માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, રજ્જબ માસનો 21મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે : 16:00 થી 18:30 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કોર્ટ કચેરીમાં મદદ મળી શકે છે. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. ખર્ચા વધશે.

**વૃષભ (બ,વ,ઉ,):** ખર્ચા વધર્શે. નોકર-ચાકરથી સાવધાન રહેવું. પેટ અને પાચનતંત્રની સમસ્યા થઇ શકે છે. સ્વભાવ ઉગ્ર બનશે.

**મિથુન (ક,છ,ઘ,):** મિત્રો, જીવનસાથી સાથે મનોરંજન પ્રવાસ થાય. પ્રેમમાં સાથ મળે. સંતાન જીવનસાથીના કામમાં પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** બહારના કામનો બોજ વધે. નોકરી-ધંધા માટે નવી તક મળે. સામાજિક મેળાવડામાં ભાગ લેવાનું બનશે.

**સિંહ (મ,ટ,):** રચાનાત્મક કામમાં યશ મળે. દલાલી ટ્યુશન અને પ્રવાસને લગતાં કામમાં લાભ થાય. વિવાદથી બચવું.

**કન્યા (પ,ઠ,ણ,):** માર્કેટીંગ દલાલી, ખાણી-પીણીના ધંધામાં લાભ થાય. ઉઘરાણી આવી શકે છે. ઘરમાં અવર-જવર વધે.

**તુલા (ર,ત,):** માનસિક ક્રિયાશીલતા અને ક્રિએટીવ વિચારો લેખન કાર્યમાં મદદરૂપ બને. શુભ સમાચાર મળે.

**વૃશ્ચિક (ન,ય,):** પાર્ટી-પીકનીકનું આયોજન થાય. ધાર્મિક યાત્રા થાય. વિદેશથી શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** મિત્રોની મદદથી સામાજિક સમસ્યાનું સમાધાન થાય. પ્રેમમાં વિશ્વાસ વધશે. આવક વધશે.

**મકર (ખ,જ,):** સમાજ અને જાહેર જીવનમાં યશ મળે. નોકરી-ધંધા માટે નવી યોજના બને. આવક વધારવાની તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉચ્ચ શિક્ષણ અને કાયદા બાબતે મદદ મળે. ધાર્મિક સાહિત્યને લગતાં કામમાં લાભ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** પડવા વાગવાથી સાવધાન, અચાનક આવક વધશે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. ખર્ચ વધશે.

### કોઇ પણ સાલમાં 11 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ વધારશે. નોકરીધંધામાં ચડતી-પડતી રહે. નવા નોકરી-ધંધા વ્યવસાયની તક મળે. સમાજમાં યશ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. ટેકનોલોજીની મદદથી અનુકૂળતા રહે. નવા ફેરફારથી દોડ-ધામ વધશે. આરોગ્ય નરમ રહે. વધારાની આવક માટે મિત્રો મદદ રૂપ બને. સંતાનોનાં કામમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકૂળતા રહેશે. વડીલોની મદદ વારસા, જાયદાદ, જમીન, કાયદા વગેરેમાં મળે. નોકરી-ધંધા વગેરેમાં હરીફોની હેરાનગતિ વધશે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વર્ષ દરમિયાન સોમ-ગુરુવાર દાન-પુણ્ય કરતાં રહેવું. મંગળ-બુધવારે નવા કામ ટાળવા. જૂન-જુલાઈની 2,11,20, 29 તારીખ નવા કામ માટે શુભ રહેશે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં 5, 8 તારીખે નવા કામ ટાળવાં. સફેદ, ક્રીમ અને હલકાં લીલાં રંગ વાપરતા રહેવું. ઘાટો, લીલો, કાળો, ભૂરો રંગ ટાળવો. વર્ષ દરમિયાન નોટબુક વગેરેનું દાન કરતાં રહેવું.

